જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૪/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૬૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૩

**નિકોલઃ** ચિરાગકુમાર બાબુલાલ પટેલ (ઉ.વ.૩૭) (રહે. સદગુરૂ બંગલોઝ ન્યુ મણીનગર રામોલ નિકોલ) એ તા.૦૪/૦૪/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલના ભાગીદાર આરોપી (૧) નરેશભાઈ ભોળાભાઈ વાવડીયા (રહે. આદર્શ ફ્લોરા ભોજલધામ રેસીડેન્સી સામે નિકોલ ગામ નિકોલ) (૨) ઘનશ્યામભાઈ કિશોરભાઈ ગેડીયા (રહે. બાલાજી એન્કલેવ હરીદર્શન ચાર રસ્તા નિકોલ) અને (૩) ભાવીક અરવિંદભાઈ કાનપરીયા (રહે. ઇન્દ્રવિહાર સોસાયટી ભારવી પાર્ક પાસે નિકોલ) એ ભેગા મળી નિકોલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ ખોડીયાર મંદીર સામે નિકોલ ખાતે તથા તેની બાજુમા બનતી બીજી નવી હોસ્પીટલમા બે અલગ-અલગ મેડીકલ સ્ટોર ચાલુ કરવા સારુ તેઓની હોસ્પીટલમા મેડીકલ સ્ટોર ચાલુ કરવાથી સારો એવો નફો થશે તેમ કહી ચિરાગકુમાર પટેલને લોભામણી લાલચ આપી બન્ને હોસ્પીટલમાં મેડીકલ સ્ટોર ચાલુ કરવા ડીપોઝીટ પેટે કુલ રૂપિયા ૩૪,૦૦,૦૦૦/- મેળવી લઈ નવી હોસ્પીટલ નહી બનાવી તેમજ આપેલ ડીપોઝીટનાં નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૩**

**કાલુપુરઃ** સુનિલ વાસુદેવ મુર્જાનિ (રહે. મહાદેવનગર માયા સિનેમા સામે કુબેરનગર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રેવડીબજાર હરીઓમ એ.સી.માર્કેટ સેકન્ડ ફ્લોર દુકાન નંબર-૨૦૪ કે મહેક ક્રિએશન નામની પોતાની કાપડની દુકાન આગળથી અજાણી વ્યક્તિ ૬૦૦ મીટર કાપડના બે પાર્સલ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુખદેવસિંહ લખુભા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૫૭૩/૨૦૨૩**

**નરોડાઃ** નિયતકુમાર ડાહ્યાભાઇ પરીખ (ઉ.વ.૩૦) (રહે. કર્ણાવતિનગર બાપા સિતારામ ચોક સ્વામિનારાયણ મંદીરની બાંજુમાં કૃષ્ણનગર) તા.૦૩/૦૪/૨૦૨૩ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ બેઠક રોડ માતૃછાયા ચિકનદાના નામની દુકાન સામે બસ સ્ટેન્ડ પાછળ નાસ્તો કરતા હતા ત્યારે કાળા રંગના સ્પોર્ટસ મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષે નિયતકુમાર પરીખના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુંટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિયતકુમાર પરીખે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એલ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૭૪/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રાહુલ સ/ઓ રાજુભાઈ દંતાણી (ઉ.વ.૧૯) (રહે.શંકરભુવનના છાપરાં શાહપુર આંગણવાડી પાસે) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગ્યા પહેલા સાહિત્ય પરીષદ પાછળ સીડી નંબર-૩૧ સામે ઘાટ નંબર-૬ પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનવનંતભાઈ રત્નાભાઈ ચલાવે છે.

**વાસણાઃ** સંતોષભાઇ તારાબાબુ પ્રજાપતિ (ઉ.વ.૩૦) (રહે. મિલ્લત કોલોની કુબા મસ્જીદ પાછળ ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી